શનિવાર તા. ૨૯ નવેમ્બર ૨૦૧૪ • પાનાં : ૧૨+૮+૮ • કિંમત : ₹ ૩.૦૦

REG. NO

# ગુજરાત ગ

• તંત્રી : મનોજ મિસ્ત્રી • સંવત ૨૦૭૧ • માગસર સુદ- ૮ • વર્ષ : ૦૩ •

•ગાર્ડિયનહાઉસ, સુમનદેસાઈનીવાડી, ઉધનાદરવાજા, રિંગરોડ, સુરત-૩૯૫૦૦૨•ફોન:૪૦૧૦૨૦



## રાજ્ય સરકારની ઢીલી નીતિને પગલે બેટરી સંચાલિત વ્હિકલનો પ્રોજેક્ટ ગુજરાતમાંથી છત્તીસગઢ જતો રહેશે!

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં ઉદ્યોગકારોનું મુડી રોકાણ વધે તે માટે ઉદ્યોગકારોને આમંત્રવામાં આવી રહ્યાં છે. જ્યારે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પોલ્યુશન ફ્રી વાહનોના ઉત્પાદન માટે મૂળ ગુજરાતી ઉદ્યોગકારને સહયોગ આપવાની ખાત્રી અપાતા આ કંપનીએ વાયબ્રન્ટ સમિટમાં સરકાર સાથે એમઓયુ કર્યું હતું અને હવે આ કંપનીની વાત સાંભળવા તો ઠીક કંપનીના જવાબદારોને મીટીંગ માટે પણ સમય ફાળવવામાં ન આવતાં ઉદ્યોગકાર નિરાશ થયા છે અને હવે પોલ્યુશન ફ્રી વાહન મેન્યુફેક્ચરીંગનાં ઉદ્યોગ છત્તીસગઢમાં સ્થાપવા ઈચ્છી રહી છે એમ કંપનીના ઓનર શશી વ્યાસે જણાવ્યું હતું.





ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ત્રિદિવસીય ઓટો શોમાં ભાગ લેવા આવેલા મૂળ ગુજરાતી ઉદ્યોગકાર અને ગોલ્ડન એરો વાયરલેસ પ્રા.લી.ના શશી વ્યાસે જણાવ્યું હતું કે, ભારતમાં સૌપ્રથમ તેમની કંપનીએ બેટરી સંચાલિત સ્પોર્ટસ કાર બનાવી છે અને સુપર કેપેસીટર પદ્ધતિને પગલે એક વખત ચાર્જ કરવાથી સ્પોર્ટ્સ કાર ૧૦૦૦ કી.મી. દોડી શકે છે. ગુજરાતના મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી બેઠા હતાં ત્યારે અવાર-નવાર તેમને આ પોલ્યુશન ફ્રી વાહનોના પ્રોજેક્ટ સંદર્ભે મુલાકાત કરી પ્રેઝન્ટેશન આપેલ અને તેમણે પણ આ પ્રોજેક્ટમાં રસ દાખવતા વાયબ્રન્ટ સમિટમાં અમે એમઓયુ પણ કર્યું હતું. તદ્દન નવી ટેક્નોલોજી આધારીત વ્હીકલ ઉત્પાદન માટે ૫૦ એકર જમીન અંગે પણ તેમની સાથે ચર્ચા થઈ હતી અને સરકાર સહયોગ આપશે તેવા આશ્વાસનને પગલે તેઓ સતત સરકારનો સંપર્ક કરી રહ્યાં છે પરંતુ કોઈ તેમની વાત સાંભળવા સમય આપતું નથી.

ગુજરાત સરકારના આવા વલણ સામે સીધી નારાજગી વ્યક્ત કરતાં શશી વ્યાસે જણાવ્યું કે, તેઓ બેટરી સંચાલિત વાહનોનાં ઉત્પાદન થકી રાજ્યમાં પ્રદૂષણની માત્રા ઘટાડી શકે છે. સાથોસાથ સરકાર ઉપર જાહેરક્ષેત્રમાં દોડતા વાહનોમાં ફ્યુઅલ પાછળ થતાં ખર્ચનું ભારણ પણ ઘટાડી શકે છે. આ માટે અમદાવાદમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે પોપ બેટરી સંચાલીત બસો દોડાવવાની મંજૂરી માંગી હતી તે માટે પણ કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. એક બાજુ મોટી મોટી કંપનીઓને મોટા લાભો આપીને સરકાર આવકારી રહી છે. જ્યારે બીજી બાજુ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીના સ્વપ્નને સાકાર કરવા મૂળ ગુજરાતી ઉદ્યોગકારોને સરકાર પ્રોત્સાહન આપતી નથી.

તેમણે એમ પણ જણાવ્યું કે, પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાનના કહેવાથી અમે ગુજરાતમાં પ્રોજેક્ટ લાવ્યા છીએ પરંતુ સરકાર સહકાર આપવા તો ઠીક તેના કોઈ અધિકારીઓ બેઠક યોજી વાત સાંભળવા પણ તૈયાર નથી. આવા વલણથી તેઓ ખૂબ જ નારાજ છે. જ્યારે બીજી બાજુ છત્તીસગઢમાં ઓટો ઈન્ડસ્ટ્રીઝ નહીં હોવાથી ત્યાંના મુખ્યમંત્રી રમણસિંગે તેમના પ્રોજેક્ટને આવકારીને જરૂરી સવલતો પુરી પાડવા જણાવ્યું છે. રાજ્યમાં સીએનજી નથી તેના વિકલ્પે તેઓ ઈલેક્ટ્રોનિક રિક્ષા એટલે કે બેટરી સંચાલિત રીક્ષા દોડાવીને પ્રદૂષણને નાથવા માંગે છે. અમારી પાસે હાઈ ટેક્નોલોજી છે પરંતુ ગુજરાત સરકાર અમારી કંપનીને પ્રમોટ કરવા માંગતી નથી. આ વાસ્તવિકતા ગુજરાતની છે.

બેટરી સંચાલિત દેશની પ્રથમ સ્પોર્ટ્સ કારનું ઉત્પાદન કરનાર શશી વ્યાસે જણાવ્યું કે, તેમની કંપની વધુને વધુ સારી ટેક્નોલોજીનો ઉપયોગ કરવા જઈ રહી છે. આગામી દિવસોમાં તે ફોર સીટિંડ ફેમિલી કારનું પણ ઉત્પાદન કરનાર છે. જેની કિંમત જથી ૮ લાખ રૂપિયા થશે અને એક વખત સુપર કેપેસિટર બેટરી ચાર્જ કરવા પાછળ ૧૫થી ૧૮ રૂ.નો ખર્ચ આવે છે. જેની સામે કાર ૧૦૦૦ કી.મી. દોડે છે પરંતુ આવા પોલ્યુશન ફ્રી ટ્રાન્સપોર્ટેશન વ્હીકલ તેમજ ઘરેલું વ્હીકલના પ્રોજેક્ટમાં ગુજરાત સરકારને રસ ન હોવાનું દેખાય છે તેનાથી તેઓ ખૂબ જ નારાજ હોવાનું જણાવ્યું હતું.

### પૂર્વ મુખ્યમંત્રીએ પ્રોજેક્ટને વેલકમ કર્યો ને હવે સરકાર પ્રોજેક્ટ સંદર્ભે કંપની સાથે વાતચીત માટે સમય આપતી નથી; વાઈબ્રન્ટમાં એમઓયુ કર્યું પરંતુ ડેવલપમેન્ટ શૂન્ય

## અમદાવાદ દૂધેશ્વરમાં ગેસ ગળતરથી શાળાના આઠ વિદ્યાર્થી, બે શિક્ષકોને હોસ્પિ.માં ખસેડાયા

અમદાવાદ, તા.૨૮

અમદાવાદના દૂધેશ્વર રોડ પર દરિયાખાન ઘુમ્મટ નજીક આવેલી મ્યુનિસિપલ શાળામાં આજે સવારે બાળકોને આંખમાં બળતરા, ઊલટી તેમજ ગભરામણની અસર થઈ હતી. આસપાસમાં ભેદી ગેસ ગળતરથી ગભરામણ થતા તાત્કાલિક ગેસ ગળતર થયું હોવાની આશંકાને પગલે ફાયરબ્રિગેડ તેમજ 108ને જાણ કરતાં કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. સાતથી આઠ બાળકોને તેમજ બે શિક્ષકોને અસર થતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં શાહિબાગ

## દિલ્હીથી અમદાવાદ આવતી યાંત્રિક ખામી સર્જાતાં મુસાફ

અમદાવાદ, તા.૨૮

એર ઈન્ડીયાની અમદાવાદ આવતી ફ્લાઈટમાં ગંભીર યાંત્રિક ખામી સર્જાતાં દોઢસો જેટલા મુસાફરોને આકાશમાં જ નજર સામે મોત દેખાવા માંડતાં તેમના જીવ તાળવે ચોંટી

મુસાફરો સાથે અમ માટે ટેક ઓફ કર્યું હતું ડોમેસ્ટિક કરતા ઈન્ટર વધુ હતા. સાથે તેમનો કરવામાં આવ્યો હતો